## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

એલીસબ્રિજ શાળા નં.૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ,નવરંગપુરા, અમદાવાદ-૦૯

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકની કચેરી માટે નીચે જણાવેલ ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા. ૧૪-૦૩-૨૦૨૦ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકેથી તા. ૨૫-૦૩-૨૦૨૦ ના રોજ સાંજના ૦૬:૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. વિગતવાર માહિતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની વેબસાઈટ www.amcschoolboard.org પરથી મેળવી લેવાની રહેશે.**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની વિગત | | | પગાર ધોરણ (સાતમાં પગાર પંચની પે-મેટ્રીક્સ) |
|---|---|---|---|---|---|---|
| | | | સા.શૈ.પ.વ. | બિનઅનામત | કુલ | |
| ૧ | નાયબ શાસનાધિકારી | ૧ | ૦ | ૧ | ૧ | ૬૭૭૦૦ - ૨૦૮૭૦૦ |
| ૨ | મદદનીશ શાસનાધિકારી - લીગલ | ૧ | ૦ | ૧ | ૧ | ૫૩૧૦૦ - ૧૬૭૮૦૦ |
| ૩ | સંચાલક - નૂતન તાલીમ વિભાગ | ૧ | ૦ | ૧ | ૧ | ૫૩૧૦૦ - ૧૬૭૮૦૦ |
| ૪ | અધ્યાપક - નૂતન તાલીમ વિભાગ | ૩ | ૧ | ૨ | ૩ | ૪૪૯૦૦ - ૧૪૨૪૦૦ |

| વયમર્યાદા | (૧) અનુક્રમ નં. ૧ અને ૨ ની જગા માટે ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉંમર ૨૫ વર્ષથી ઓછી નહિં અને ૪૦ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ નહિં તથા અનુક્રમ નં. ૩ અને ૪ ની જગા માટે ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉંમર ૩૦ વર્ષથી ઓછી નહિં અને ૪૫ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ નહિ. (૨) શા.ખો.ખા. ઉમેદવારો અને મહિલા તેમજ વિધવાને સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમો મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે (૩) સા.શૈ.પ.વ. ની જગા માટે અરજી કરેલ ઉમેદવારોને ગુજરાત રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે. વધુમાં બિનઅનામતની જગ્યાઓ માટે અનુ. જાતિ, અનુસૂચિત જનજાતિ, સા.શૈ.પ.વ. વર્ગના ઉમેદવારો પણ અરજી કરી શકશે, તેઓને બિનઅનામત વર્ગનાં ધોરણો લાગુ પડશે. (૪) અશક્તતા ધરાવતા ઉમેદવારો કે જે પોતાની રીતે હરીફરી શકે અને કામગીરી કરી શકે તેવા શારીરિક અશક્ત ઉમેદવારો આ જગ્યા માટે અરજી કરી શકશે. (૫) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના કર્મચારીઓને વય મર્યાદાનો બાધ રહેશે નહિં. |
|---|---|

સહી/-

તા. ૧૪-૦૩-૨૦૨૦

શાસનાધિકારી